# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૫ તા.૧૬-૧૧-૨૦૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પાલક માતા-પિતા યોજનાનો લાભ મેળવતા વિદ્યાર્થીઓના અસલ બોનાફાઈડ સર્ટી. નિયમિત મોકલી આપવા બાબત.

સંદર્ભ :- જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીનો જા.નં./જિબાસુએ/અમદ/૧૮-૧૯/૮૦૧ તા.૨૬-૧૦-૧૮નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભે અન્વયે જણાવવાનું કે, તમારી શાળામાં પાલક માતા-પિતા યોજના અંતર્ગત જે બાળકો લાભ લઈ રહયાં છે તે તમામ બાળકોના અસલ બોનાફાઈડ સર્ટી. દર વર્ષે શાળાઓ ચાલુ થાય ત્યારે નિયમિત જિલ્લા બાળ સુરક્ષા એકમ, અમદાવાદની કચેરીને મોકલી આપવાના રહેશે તથા જિલ્લા બાળ સુરક્ષા એકમ, અમદાવાદની કચેરી સાથે સંકલન કરવાનું રહેશે. સદર યોજના હેઠળ લાભાર્થી બાળકો નિયમિત શાળામાં આવે તથા અભ્યાસમાં પૂરતું ધ્યાન આપે તેની સંપૂર્ણ જવાબદારી મુખ્ય શિક્ષકની રહેશે. આ યોજનાના લાભાર્થી બાળકોના અસલ બોનાફાઈડ બનાવી જિલ્લા બાળ સુરક્ષા એકમ, અમદાવાદની કચેરીએ નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવાના રહેશે.

સરનામું : જિલ્લા બાળ સુરક્ષા એકમ, અમદાવાદની કચેરી
૨૦૩, બીજો માળ, હરેકૃષ્ણ કોમ્પ્લેક્ષ,કોઠાવાલા ફલેટની સામે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬
ફોન નં. : ૦૭૯-૨૬૫૮૭૭૪૦

તા.૧૬-૧૧-૨૦૧૮

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી